આકાશવાણી-ભુજ

સમાચાર વાચક:- શીતવ શૈશ્રવ

કોમ્પ્યુટર રાઈઝ- દેવાભાઈ કે રબારી

તારખ: ૧૭-૦૭-૨૦૨૪ સમય:-સવારે ૬.૫૦ કલાકે

---

## વિદેશમંત્રી-મોરેશિયસ મુલાકાત

વિદેશ મંત્રી ડોક્ટર એસ જયશંકરે ગઈકાલે પોર્ટ લુઇસમાં મોરેશિયસના પ્રધાનમંત્રી પ્રવિંદ જુગનૌથની મુલાકાત લીધી હતી. બંને નેતાઓએ ભારત-મોરેશિયસની વિશેષ અને લાંબી ભાગીદારી અંગે ચર્ચા કરી હતી. શ્રી જયશંકરે જણાવ્યું કે, તેઓ  બંને દેશો વચ્ચે વિશેષ સંબંધોને આગળ ધપાવવા આશાવાદી છે.

ડોક્ટર જયશંકરે મોરેશિયસમાં સાતમી પેઢીનાં નાગરિકોને ઓવરસીઝ સિટિજન ઓફ ઇન્ડિયા -ઓસીઆઇ કાર્ડ વિતરીત કર્યા હતા.

**(NSD)**

---

## બજેટ સત્ર-સર્વપક્ષીય બેઠક

સંસદના બજેટ સત્ર પૂર્વે સરકારે રવિવારે સર્વપક્ષીય બેઠક બોલાવી છે. બેઠક દરમિયાન સરકાર સંસદના બંને ગૃહોનું કામકાજ સુનિશ્ચિત કરવા માટે તમામ રાજકીય પક્ષો પાસેથી સહકાર માંગશે. બજેટ સત્ર 22 જુલાઇથી 12 ઓગસ્ટ સુધી ચાલશે. 23મી જુલાઈના રોજ કેન્દ્રીય બજેટ રજૂ કરવામાં આવશે. નરેન્દ્ર મોદી સરકારના ત્રીજા કાર્યકાળમાં આ પહેલું બજેટ હશે. ગયા મહિને સંસદના બંને ગૃહોની સંયુક્ત બેઠકને સંબોધિત કરતા રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મુએ ભારપૂર્વક જણાવ્યું હતું કે આ બજેટ સરકારની દૂરોગામી નીતિઓ અને ભવિષ્યનાં અભિગમનો અસરકારક દસ્તાવેજ હશે.

**(NSD)**

---

## GMERS FEE

ગુજરાત મેડિકલ એજ્યુકેશન એન્ડ રિસર્ચ સોસાયટી - GMERSની 13 મેડિકલ કૉલેજ માટે નવું ફી માળખું જાહેર કરાયું છે, જે અનુસાર સરકારી ક્વૉટાની 75 ટકા એટલે કે 1500 જેટલી બેઠકો માટેની ફી ઘટાડીને 3.75 લાખ રૂપિયા, જ્યારે કે મેનેજમેન્ટ ક્વૉટાની બેઠકો માટેની વાર્ષિક ફી 12 લાખ કરવામાં આવી છે. આ પૂર્વે સરકારી ક્વૉટાની બેઠકોની ફી 5.50 લાખ રૂપિયા, જ્યારે મેનેજમેન્ટ ક્વૉટાની ફી 17 લાખ રૂપિયા કરાઈ હતી. જેને લઈને રાજ્યભરમાં મેડિકલના વિદ્યાર્થીઓ તેમજ વાલીઓ દ્વારા ફી ભાવ વધારા સામે દેખાવો કરાયા હતા. મુખ્યમંત્રી ભુપેન્દ્ર પટેલના અધ્યક્ષ સ્થાને મળેલી કેબિનેટની બેઠકમાં વિદ્યાર્થીઓના હિતમાં આ નિર્ણય કરાયો હોવાનું પ્રવક્તા મંત્રી ઋષિકેશ પટેલે જણાવ્યું. વિદ્યાર્થીઓ સંગઠનોએ રાજ્ય સરકારના આ નિર્ણયને આવકાર્યો છે.

**(RNU અમદાવાદ)**

---------------------------------------------------------------------

## મેડીકલ સ્ટાફ-ભથ્થામાં વધારો

રાજ્ય સરકારે સરકારી હોસ્પિટલના તબીબો અને મેડીકલ સ્ટાફના પ્રોત્સાહક ભત્થામાં ૧૦ થી ૧૫ ગણો વધારો કરવાનો નિર્ણય કર્યો છે.

પ્રવક્તામંત્રી ઋષિકેશ પટેલે કેબિનેટ બેઠકમાં લેવાયેલ આ નિર્ણય અંગે માહિતી આપતા જણાવ્યુ હતું કે, પ્રધાનમંત્રી જન આરોગ્ય યોજના (PMJAY) અંતર્ગત સરકારી હોસ્પિટલોને મળતી આવકમાંથી હોસ્પિટલોના ડોક્ટર, પેરા-મેડીકલ સ્ટાફ અને અન્ય સપોર્ટ સ્ટાફને અપાતા પ્રોત્સાહક ભત્થામાં ૧૦ થી ૧૫ ગણો વધારો કરવાનો રાજ્ય સરકારે નિર્ણય કર્યો છે. જે મુજબ અમદાવાદ, સુરત, વડોદરા અને રાજકોટમાં કુલ આવકના ૨૫ ટકા,આણંદ, મહેસાણા, જામનગર, નવસારી જેવા મુખ્ય શહેરોના નજીક આવેલ જિલ્લાની હોસ્પિટલોમાં

૩૫ ટકા, જ્યારે રાજ્યના આદિજાતિ વિસ્તારના જિલ્લાઓ, અંતરિયાળ વિસ્તારવાળા જિલ્લાઓની હોસ્પિટલોમાં ૪૦ ટકા આપશે.

**(RNU અમદાવાદ)**

---------------------------------------------------------------------------

## વેધર વોચ ગ્રુપની બેઠક

ગાંધીનગરના સ્ટેટ ઈમરજન્સી ઓપરેશન સેન્ટર-SEOC ખાતે વેધર વોચ ગ્રુપની બેઠક યોજાઈ હતી. જેમાં રાજ્યમાં ચોમાસાની સ્થિતિ અને તે માટે તમામ વિભાગોની તૈયારી અંગે સમીક્ષા કરી તમામ વિભાગોને જરૂરી માર્ગદર્શન અને સૂચનો આપવામાં આવ્યા હતા.

આ બેઠકમાં હવામાન વિભાગના અધિકારીએ વરસાદની સ્થિતિ અંગે માહિતી આપતા જણાવ્યું હતું કે, આગામી સપ્તાહ દરમિયાન પણ સૌરાષ્ટ્ર અને દક્ષિણ ગુજરાતના મોટાભાગના વિસ્તારોમાં ભારે વરસાદની સંભાવના છે. આવતીકાલથી ૨૨ જુલાઈ સુધી સૌરાષ્ટ્રના રાજકોટ, જુનાગઢ, પોરબંદર, દેવભૂમિ દ્વારકા તથા દક્ષિણ ગુજરાતના સુરત, નવસારી અને વલસાડ જિલ્લાઓમાં અતિભારે વરસાદની સંભાવના છે. જે સંદર્ભે સંબંધિત વિભાગો સાથે જરૂરી ચર્ચા કરી સંભવિત જોખમો સામે એલર્ટ રહેવા તેમણે જણાવ્યું છે.

એન.ડી.આર.એફ.ના અધિકારીએ જણાવ્યું હતું કે, રાજયમાં ભારે વરસાદની ચેતવણીના ભાગ રૂપે કોઈપણ પરિસ્થિતિને પહોંચી વળવા માટે એન.ડી.આર.એફ. તથા એસ.ડી.આર.એફ.ની ટીમો સજ્જ છે

**(RNU અમદાવાદ)**

---------------------------------------------------------------------------

## કચ્છમાં વરસાદ

કચ્છમાં સતત બીજા દિવસે સવારથી અસહ્ય ઉકળાટ અનુભવાયા બાદ સાંજે તોફાની અંદાજમાં વરસાદે હાજરી પુરાવી હતી. પશ્ચિમ કચ્છના નખત્રાણા,

અબડાસા,લખપત તાલુકામાં અડધોથી દોઢ ઈંચ મહેર થઈ હતી. માંડવીમાં રાત્રે સવા કલાકમાં 55 મિલીમીટર પાણી વરસ્યુ હતું. તો મુંદરામાં  અઢી ઈંચ અને અંજારમાં પોણો ઈંચ જેટલી મેઘકૃપા વરસી હતી. ભુજમાં મેઘાડંબર વચ્ચે માત્ર ઝાપટુ પડ્યુ હતું. જીલ્લા કંન્ટ્રોલરૂમ ખાતેથી મળતી માહિતી મુજબ ગઈકાલે સવારે  6 વાગ્યાથી આજે સવારે 6 વાગ્યા સુધી  મુંદરામાં તાલુકામાં 64 મિ.મિ., માંડવી તાલુકામાં 50,અબડાસા તાલુકામાં 38 મિ.મિ, અંજાર તાલુકામાં 20 મિ.મિ, નખત્રાણા તાલુકામાં 9 મિ.મિ, ભચાઉ તાલુકામાં 8 મિમિ, ભુજ તાલુકામાં 7 મિ.મિ, લખપત  તાલુકામાં 3 મિ.મિ., રાપર તાલુકામાં 1 મિ.મિ  વરસાદ પડ્યો હતો. તો ગાંધીધામ તાલુકામાં વરસાદ નોંધાયેલ નથી.

**(શીતવ શૈશ્નવ/NP)**

---------------------------------------------------------------------------